ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY · GOVERNMENT OF GUJARAT

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તાઃ ૧૮/૦૪/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

............................., ભાવનગર.

## "વિશ્વ પૃથ્વી દિવસ" નિમિત્તે યોજાશે ચિત્ર સ્પર્ધા.

**કલ્યાણ પ્રદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર** તથા

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભવનગર ના સંયુક્ત ઉપક્રમે થનારૂ આયોજન.

કલ્યાણ પ્રદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ભવનગર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પર્યાવરણીય સમસ્યાઓ અંગે જાગૃતિ કેળવવાના અનેકવિધ પ્રયાસો કરવામા આવે છે.

જે અંતર્ગત ૨૨ એપ્રિલ, વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી કરવામાં આવનાર છે. જેનો મુખ્ય હેતુ પૃથ્વી અને પૃથ્વીનાં વાતાવરણમાં માનવી દ્વારા કરવામા આવતાં અવરોધ દ્વારા સર્જાયેલી અનેક વૈશ્વિક સમસ્યાઓને કાબુમાં લેવાનો છે. જેમ જેમ માનવી વિકાસ કરી રહ્યો છે તેમ તે પર્યાવરણને નુકશાન કરી રહ્યો છે. બ્રહ્માંડમાં કુદરત દ્વારા એક માત્ર એવો ગ્રહ પૃથ્વી કે જ્યાં સજીવ સૃષ્ટી વસવાટ કરી રહી છે. તેમા માનવીનાં હસ્તક્ષેપને કારણે જીવન જરૂરી એવા હવા, પાણી, અને જમીનમાં અત્યંત પ્રદૂષણ કરી રહ્યા છે જેને કારણે ગ્રીન હાઉસ ઇફેક્ટ, ગ્લોબલ વોર્મિંગ, ક્લાઇમેન્ટ ચેન્જ અને તાપમાનમાં અસહ્ય વધારો જેવી અનેક સમસ્યાઓ ઉભી થઇ રહી છે. આ વર્ષે **Trees for The Earth, Let's Get Planning** વિષય પર સમગ્ર વિશ્વમાં વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી થનાર છે.

ઉપરોક્ત વિષયનાં અનુસંધાને "પૃથ્વિ માટે વૃક્ષો અમૂલ્ય, વૃક્ષારોપણ કરીએ અતૂલ્ય" વિષય પર ચિત્ર સ્પર્ધાનું આયોજન **તારીખઃ- ૨૨.૦૪.૨૦૧૬, શુક્રવારનાં રોજ સવારે ૦૯:૦૦ વાગ્યાથી બપોરનાં ૧૨:૦૦ વાગ્યા સુધી મોતીબાગ ટાઉનહોલ, ભાવનગર** ખાતે કરવામાં આવેલ છે. આ ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ વિભગોમાં યોજાશે. જેમાં પ્રથમ વિભાગઃ- ૧ વર્ષથી ૧૩ વર્ષ, બીજો વિભાગ- ૧૪ વર્ષથી ૨૦ વર્ષ ત્રીજો વિભાગઃ- ૨૧ વર્ષથી તમામ વ્યક્તિ ભાગ લઇ શકશે. દરેક વિભાગમાં પ્રથમ, દ્વિતીય અને તૃતિય વિજેતાને અનુક્રમે રૂ.૧૦૦૦/-, ૫૦૦/-, ૩૦૦/-ની રોકડ રકમથી પુરસ્કૃત કરવામાં આવશે.

ઉપરોક્ત ચિત્ર સ્પર્ધાનું રજીસ્ટ્રેશન ફરજીયાત રહેશે. રજીસ્ટ્રેશન માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર, પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, પંજાબ નેશનલ બેંક વાળી ગલી, સંસ્કાર મંડળ, ભાવનગર, ફોન નં.૦૨૭૮- ૨૫૭૦૧૧૦/૧૧૧ પર રૂબરૂ અથવા ફોન દ્વારા ભાગ લેવા ઉત્સુક વ્યક્તિએ પોતાનું નામ, જન્મ તારીખ, અભ્યાસ વગેરે માહિતી સાથે સવારનાં ૧૦:૦૦ વાગ્યા થી સાંજનાં ૦૬:૦૦ વાગ્યા દરમિયાન તાઃ-૨૧.૦૪.૨૦૧૬ સુધીમાં નોંધાણી કરાવી લેવાની રહેશે. ભાગ લેનાર વ્યક્તિને ડોઇંગ શીટ સ્થળ પર આપવામાં આવશે. ચિત્ર સ્પર્ધામાં ઉપયોગી અન્ય જરૂરીયાતની વસ્તુઓ સ્પર્ધકે સાથે લાવવાની રહેશે. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરનાં ચેરમેન ડો.ભાવેશભાઇ ભરાડની યાદીમાં જણાવવામાં આવેલ છે.

(હર્ષદ જોષી)
ઓફીસ ઇન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર